# ત્રણ મૅચમાં વહેલો આઉટ થયો એટલે કંઈ ખરાબ ફૉર્મમાં ન કહેવાઉં: રોહિત શર્મા

*પોર્ટ એલિઝાબેથ:* ભારતના વાઈસ-કેપ્ટન રોહિત શર્માને ખુશી છે કે દક્ષિણ આફ્રિકામાં તેની ટીમના વન-ડે ઈન્ટરનેશનલ શ્રેણી-વિજયની સાથે તેણે પોતાનું બૅટિંગ ફોર્મ પાછું પ્રાપ્ત કર્યું હતું, પણ આગ્રહપૂર્વક કહ્યું હતું કે છેલ્લી કેટલીક મેચમાં પોતાના ઓછા સ્કોરના કારણે તે અસ્વસ્થ ન બન્યો હતો.



રોહિતે બુધવારે અહીં પાંચમી વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૧૧૫ રન ફટકારી ભારતને ૭૩ રનથી વિજય મેળવી આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેના બળે ભારતે છ મેચની વર્તમાન શ્રેણીમાં ૪-૧થી અજેય સરસાઈ લીધી હતી. હવે છેલ્લી વન-ડે સેન્ચુરિયનમાં શુક્રવારે ફક્ત નોંધ પૂરતી રમાશે.

તાજેતરમાં કેટલાક નબળા દેખાવ પછી રોહિતે મહત્ત્વના સમયે આ સદી નોંધાવી હતી અને એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની આ ૧૭મી સદી સાથે તેણે દક્ષિણ આફ્રિકાની ધરતી પર પોતાના નિરસ દેખાવમાં સુધારો કર્યો હતો. તેણે આ પહેલા છેલ્લી ચાર મેચમાં કુલ ફક્ત ૪૦ રન કર્યા હતા.

''મેં ફક્ત છેલ્લી ત્રણ મેચમાં સારો સ્કોર ન કર્યો હતો, જેથી ફક્ત ત્રણ મેચ બાદ કેમ કહી શકાય કે મારું બૅટિંગ ફોર્મ નબળું હતું?,'' એમ મેચ બાદ રોહિતે પત્રકારોને ટકોર કરતા કહ્યું હતું કે તમે લોકો ફક્ત એક મેચ પછી કોઈને સારા ફોર્મમાં ગણો છો અને કોઈ જો ત્રણ મેચમાં સ્કોર ન કરતા તે ખેલાડી ફોર્મમાં ન હોવાનું કહો છો.

રોહિતે કહ્યું હતું કે કોઈ ખેલાડીની ફક્ત બે-ત્રણ મેચના આધારે સફળતા અથવા નિષ્ફળતા આંકવી વાજબી નથી.

રોહિતે કહ્યું હતું કે નિષ્ફળતા અને નબળા દેખાવ દરેક ખેલાડીની કારકિર્દીનો હિસ્સો હોય છે.

આકર્ષક બેટ્સમેન રોહિતે કહ્યું હતું કે જેમ એક અથવા બે નિષ્ફળતા તેની આવડત નક્કી કરી શકતી નથી તેમ એક સદી પણ તેને આત્મસંતુષ્ટ બનાવી શકતી નથી.

પાંચમી વન-ડે મેચમાં થયેલા વિજયના બળે ભારતે આઈ. સી. સી. (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ)ના રેન્કિંગમાં પોતાનું ટોચનું સ્થાન પણ વધુ મજબૂત કરી દીધું હતું.

રોહિતે વધુમાં કહ્યું હતું કે શ્રેણી જીતી લેવાના આત્મવિશ્વાસ સાથે ભારત છઠ્ઠી વન-ડે પણ જીતી લઈ ૫-૧ના પરિણામ સાથે સ્વદેશ પાછા ફરવાની આશા રાખે છે.

તેણે કહ્યું હતું કે ભારતે દક્ષિણ આફ્રિકાને હરાવી વિદેશની ભૂમિ પર વન-ડે ક્રિકેટમાં સૌથી મોટી સિદ્ધિ મેળવી છે.

''વિદેશની ધરતી પરનો આ સૌથી મોટો શ્રેણી-વિજય છે કારણ કે ભારતે ૨૫ વર્ષ બાદ દક્ષિણ આફ્રિકામાં આ ફતેહ મેળવી છે,'' એમ રોહિતે કહ્યું હતું. (પી.ટી.આઈ.)■

# ભારત છ મહિનામાં ત્રીજી વાર વન-ડેમાં નંબર વન બન્યું

*દુબઈ:* ભારતની ટીમે આઈ. સી. સી. (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ)ના નવા જાહેર કરાયેલ રેન્કિંગમાં પોતાનું ટોચનું સ્થાન વધુ મજબૂત કર્યું હતું, જ્યારે ક્રિકેટમાં ઝડપથી પ્રગતિ કરી રહેલા અફઘાનિસ્તાને દસમો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.




ભારતે પોર્ટ એલિઝાબેથ ખાતેની પાંચમી વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં દક્ષિણ આફ્રિકાની ટીમને ૭૩ રનથી ગયા મંગળવારે હરાવી હતી અને છ મેચની શ્રેણીમાં ૪-૧થી સરસાઈ લઈ પોઈન્ટ-કોષ્ટકમાં પોતાનું મોખરાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું હતું. હકીકતમાં ભારતે ૨-૦ની સરસાઈ વખતે મોખરાનું સ્થાન મેળવ્યું હતું, પરંતુ એ સ્થાન જાળવી રાખવા શ્રેણીની છમાંથી ચાર મૅચ જીતવી જરૂરી હતી જે એણે મંગળવારે ૪-૧ના માર્જિન સાથે પુરવાર કર્યું હતું. વાસ્તવમાં ભારત છેલ્લા છ મહિનામાં ત્રીજી વખત વન-ડેના ક્રમાંકોમાં સર્વોચ્ચ સ્થાને પહોંચ્યું છે.

દક્ષિણ આફ્રિકા શુક્રવારે સેન્ચુરિયન ખાતે છઠ્ઠી અને આખરી વન-ડે મેચ જીતશે તો પણ ભારત ૧૨૧ પોઈન્ટ સાથે ટોચનો ક્રમ જાળવી રાખશે, જ્યારે દક્ષિણ આફ્રિકા ખાતે ૧૧૯ પોઈન્ટ હશે.

અફઘાનિસ્તાને શારજાહમાં ગયા મંગળવારે ત્રીજી વન-ડે મેચ જીતી ઝિમ્બાબ્વેથી આગળ વધી ૧૦મું સ્થાન લીધું છે, પણ પોતાનું આ સ્થાન જાળવી રાખવા માટે તેણે શ્રેણી જીતવાની રહે છે જેની આખરી મેચ ૧૯મી ફેબ્રુઆરીએ રમાનાર છે.

ભારતે ૧૧૯ પોઈન્ટ સાથે અને દક્ષિણ આફ્રિકાથી બે પોઈન્ટના તફાવતે છઠ્ઠા ક્રમે રહી દક્ષિણ આફ્રિકા સામેની વન-ડે શ્રેણીમાં રમવાનું શરૂ કર્યું હતું.

ઑક્ટોબર, ૨૦૧૭ પછી આ પહેલી વાર અને એકંદરે પાંચમી વેળા ભારતે વન-ડે રેન્કિંગમાં ટોચનું સ્થાન લીધું છે. જાન્યુઆરી ૨૦૧૩માં ભારત પ્રથમ વેળા ટોચના ક્રમે આવ્યું હતું. (પી.ટી.આઈ.)■

# વિરાટ પૂર્વે કયા કૅપ્ટનો સાઉથ આફ્રિકામાં સિરીઝ જીતવામાં નિષ્ફળ ગયેલા?

*પોર્ટ એલિઝાબેથ:* ભારતે વિરાટ કોહલીના સુકાનમાં મંગળવારે પહેલી વાર સાઉથ આફ્રિકાની ધરતી પર દ્વિપક્ષી ક્રિકેટ શ્રેણી જીતવાની વિરલ સિદ્ધિ મેળવી હતી. એ અગાઉ, ભારતીય ટીમ ચાર વખત સાઉથ આફ્રિકામાં વન-ડે શ્રેણી જીતવામાં નિષ્ફળ ગઈ હતી. એટલું જ નહીં, તાજેતરની (વિરાટના જ નેતૃત્વ હેઠળની) ટેસ્ટ-શ્રેણી સહિત કુલ સાત ટેસ્ટ-સિરીઝોમાં પણ ભારતે ક્યારેય ટ્રોફી નહોતી જીતી. જોકે, વન-ડે શ્રેણી જીતીને વિરાટસેનાએ સાઉથ આફ્રિકામાં ટાઇટલ જીતવાનું ખાતું આખરે ખોલાવ્યું છે.

૧૯૯૨ની સાલમાં સાઉથ આફ્રિકાનું ક્રિકેટજગતમાં રંગભેદની નીતિ ફગાવી દેતાં પુનરાગમન થયું હતું. વિરાટની અગાઉ જે કૅપ્ટનો સાઉથ આફ્રિકામાં શ્રેણી જીતવામાં નિષ્ફળ ગયા હતા એમાં મોહંમદ અઝહરુદ્દીન (૧૯૯૨માં વન-ડેમાં ૨-૫થી, ટેસ્ટમાં ૦-૧થી હાર), સચિન તેન્ડુલકર (ટેસ્ટમાં ૦-૨થી હાર), સૌરવ ગાંગુલી (૨૦૦૧માં ટેસ્ટમાં ૦-૧થી હાર), રાહુલ દ્રવિડ તથા વીરેન્દર સેહવાગ (૨૦૦૬માં વન-ડેમાં ૦-૪થી અને ટેસ્ટમાં ૧-૨થી હાર) તેમ જ મહેન્દ્રસિંહ ધોની (૨૦૧૦માં ટેસ્ટમાં ૧-૧થી ડ્રૉ અને વન-ડેમાં ૨-૩થી હાર, ૨૦૧૩માં ટેસ્ટમાં ૦-૨થી અને વન-ડેમાં ૦-૧થી હાર)નો સમાવેશ છે. ■

# ટીમમાં થોડા ફેરફારો કરીશું, પણ ૫-૧થી શ્રેણી જીતીશું જ: કૅપ્ટન કોહલી

## આવતી કાલે છેલ્લી વન-ડે

*પોર્ટ એલિઝાબેથ:* વિજયી ભારતીય કેપ્ટન વિરાટ કોહલીનું કહેવું છે કે દક્ષિણ આફ્રિકા સામે શુક્રવારે રમાનાર છઠ્ઠી અને આખરી વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં તેની ટીમમાં કેટલાક રિઝર્વ ખેલાડીની અજમાયશ કરવામાં આવશે, પણ તેણે આગ્રહ રાખ્યો હતો કે શ્રેણી નક્કી થઈ ચૂકવા છતાં તેના ખેલાડીઓના જોશ તથા આવેશમાં કોઈ કમી ન આવશે.

ભારતે મંગળવારે પાંચમી વન-ડે મેચ ૭૪ રનથી જીતી કોઈપણ પ્રકારની ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકાની ભૂમિ પર પ્રથમ શ્રેણી-વિજય મેળવ્યો હતો.

''શ્રેણી પછી સુધારો કરવો ક્યાં જરૂરી છે તે અમે વિચારીશું. અત્યારે ૪-૧થી થયેલો શ્રેણી-વિજય સારો લાગે છે અને અમે ૫-૧થી શ્રેણી જીતવા માગ્યે છીએ,'' એમ કોહલીએ કહેતા ઉમેર્યું હતું કે આગામી મેચમાં નવા ખેલાડીઓને રમવાનો મોકો અપાશે.

''અમારું છેવટનું લક્ષ્ય જીતવાનું રહેશે અને જીતવા માટે અમે કાંઈપણ કરીશું,'' એમ તેણે વધુમાં કહ્યું હતું.

કોહલી અને રિસ્ટ સ્પિનરો કુલદીપ યાદવ તથા યુઝવેન્દ્ર ચહલે ભારતની સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, પણ સુકાનીએ કહ્યું હતું કે શ્રેણી-વિજય ટીમના સમૂહ પ્રયાસને આભારી હતો.

દક્ષિણ આફ્રિકાના કામચલાઉ કેપ્ટન એઈડન માર્કરેમે કહ્યું હતું કે નબળી પડી ગયેલી તેની ટીમ સામે ભારતીય ખેલાડીઓ ઘણું સારું રમ્યા હતા. ટીમનો નિયમિત સુકાની ફેફ ડુ પ્લેસીસ પહેલી વન-ડે બાદ આંગળી પર થયેલી ઈજાના કારણે બાકીની મેચોમાં રમી શક્યો ન હતો, જ્યારે એ. બી. ડી વિલિયર્સ પહેલી ત્રણ મેચમાં રમવા માટે ફિટ ન હતો. વિકેટકીપર અને બેટ્સમેન ક્યુન્ટન ડી કોકને પણ શ્રેણી દરમિયાન ઈજા થઈ હતી.

શ્રેણીની આખરી વન-ડે મેચ સેન્ચુરિયન ખાતે શુક્રવારે રમાનાર છે. (પી.ટી.આઈ.)■

# ધવન સામેના 'આક્રમક ચેડાં' બદલ રબાડાને દંડ



*દુબઈ:* દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બૉલર કેગિસો રબાડાને પોર્ટ એલિઝાબેથ ખાતે મંગળવારે ભારત સામેની પાંચમી વન-ડે ઈન્ટરનેશનલ મેચ દરમિયાન હરીફ ઓપનિંગ બેટ્સમેન શિખર ધવન સામે બેહૂદા અને 'આક્રમક ચેડાં' કાઢવા બદલ તેની મેચ-ફીના ૧૫ ટકાની રકમનો દંડ કરવામાં આવ્યો હતો અને તેની વિરુદ્ધ એક ડીમેટ પોઈન્ટ નોંધાયો હોવાનું આઈ. સી. સી. (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ)એ નિવેદનમાં જણાવ્યું હતું.

ભારતના દાવની આઠમી ઓવરમાં બનેલા બનાવમાં રબાડાએ ધવનને આઉટ કર્યા પછી હાથથી ઈશારો કર્યો હતો અને ટીકા કરી હતી જેના કારણે તે બેટ્સમેન વળતો પ્રત્યાઘાત આપી શક્યો હોત.

ભારતે ૭૩ રનથી વિજય મેળવી છ મેચની શ્રેણીમાં ૪-૧થી અજેય સરસાઈ લીધી હતી.

ફિલ્ડ અમ્પાયરો ઈયાન ગોલ્ડ અને શોન જ્યોર્જ, ટેલિવિઝન અમ્પાયર અલીમ દાર તથા રિઝર્વ અમ્પાયર બોનગેની જેલેએ રબાડા વિરુદ્ધ ફરિયાદ કર્યા પછી આઈ. સી. સી.ના એલિટ પેનલના મેચ રેફરી એન્ડી પીક્રોફ્ટે તેને દંડ કર્યો હતો.

રબાડાના ખાતે હવે શિસ્તભંગ માટે પાંચ ડીમેટ પોઈન્ટ રહે છે જેમાંના ત્રણ તેણે ૨૦૧૭માં ૮મી ફેબ્રુઆરીએ શ્રીલંકા સામેની વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં તથા એક લોર્ડ્સ ખાતેની ટેસ્ટમાં મળ્યો હતો.

આવતા ૨૪ મહિનાના સમયમાં રબાડાના ખાતે બીજા આઠ અથવા વધુ ડીમેટ પોઈન્ટ જમા થતા તેને બે ટેસ્ટ અથવા એક ટેસ્ટ તથા બે વન-ડે/ટી-૨૦ અથવા ચાર વન-ડે/ટી-૨૦ મેચ માટે સસ્પેન્ડ કરવામાં આવશે, એમ તે નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું હતું. (પી.ટી.આઈ.)■

# અમે ભારતના હાથે સારો 'માર' ખાધો: કોચ ગિબ્સન

*પોર્ટ એલિઝાબેથ:* નિરાશ બનેલ દક્ષિણ આફ્રિકાના કોચ ઓટિસ ગિબ્સને કહ્યું હતું કે ભારત સામેની મેચોમાં નબળી પડી ગયેલી તેમની ટીમે ખાધેલા 'માર' માટે પોતે કોઈ બહાના કાઢવા ઈચ્છતા નથી અને આગળ વધવા માટે તેમણે ઘણું વિચારવાનું રહે છે.



દક્ષિણ આફ્રિકાના કોચ ગિબ્સને પોતાના પ્લેયરોને કહ્યું, 'હાર બદલ બહાના નહીં કાઢતા.'

''કોઈપણ ટીમમાં ત્રણ મુખ્ય બેટ્સમેનની ગેરહાજરીમાં સારો દેખાવ કરવો મુશ્કેલ બને છે અને ભારત જેવી પ્રબળ ટીમ સામે રમવામાં વધુ મુશ્કેલી પડતી હોય છે,'' એમ મેચ બાદ પત્રકાર પરિષદને સંબોધતા ગિબ્સને કહેતા ઉમેર્યું હતું કે તેમણે પોતાના ખેલાડીઓને પરાજય માટે કોઈ બહાના ન કાઢવાનું અને પોતાનો દેખાવ સુધારવાનું કહ્યું છે. ગિબ્સને કહ્યું હતું કે આવતા વર્લ્ડ કપ પર બધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. (પી.ટી.આઈ.)■

# એસોસિયેશનોને પાઠવેલા પત્રમાં ક્રિકેટ બોર્ડનો છબરડો

*નવી દિલ્હી:* બી. સી. સી. આઈ. (બૉર્ડ ઑફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા) તરફથી ૨૮મી ફેબ્રુઆરીએ મુંબઈમાં યોજાનારા વાર્ષિક રાષ્ટ્રીય સર્કિટના કેપ્ટનો-કોચ વ્યક્તિઓની સભા માટે પોતાની જોડે સંકલિત વિવિધ રાજ્યના ક્રિકેટ એસોસિયેશનને મોકલવામાં આવેલ પત્રમાં એક નોંધપાત્ર ભૂલે ગૂંચવણી ઊભી કરી હતી.

ક્રિકેટ બૉર્ડના કામલચાઉ સચિવ અમિતાભ ચૌધરી દ્વારા મોકલવામાં આવેલ પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે આ સભાનો હેતુ ૨૦૧૬-૧૭ની રણજી ટ્રોફીની મોસમની પ્રક્રિયા બદલ કેપ્ટન-કોચ પાસેથી અભિપ્રાય મેળવવાનો અને તેના માટે ચર્ચા કરવાનો છે. પણ, ૨૦૧૬-૧૭ની મોસમ દર્શાવવામાં આવી હોવાથી ઘણા એસોસિયેશન મૂંઝવણમાં મુકાયા હતા અને હકીકતમાં તે ૨૦૧૭-૧૮ની મોસમ હોવી જોઈતી હતી. બી. સી. સી. આઈ.ના કાર્યાલયની આ ભૂલ હતી, પણ આશ્ચર્ય થયું હતું કે કોઈએ બીજો પત્ર લખી તે સુધારવાનો પ્રયાસ મંગળવાર સુધી કર્યો ન હતો.

સભા વિજય હઝારે ટ્રોફી સ્પર્ધાની સમાપ્તિના એક દિવસ પછી બોલાવવામાં આવી છે જેમાં સિલેક્ટરોના વડા એમ. એસ. કે. પ્રસાદ પણ હાજરી આપશે. (પી.ટી.આઈ.)■

# આઈપીએલની પ્રથમ મૅચ મુંબઈ-ચેન્નઈ વચ્ચે: મૅચોના અગાઉના જ સમય જળવાશે

*નવી દિલ્હી:* આગામી સાતમી એપ્રિલે શરૂ થનારી આઇપીએલની અગિયારમી સિઝનની એ દિવસની પ્રથમ મૅચ વાનખેડેમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સ અને પુનરાગમન કરી રહેલી ચેન્નઈ સુપર કિંગ્સ ટીમ વચ્ચે રમાશે.

મૅચોના સમયમાં ફેરફાર કરવાની બ્રૉડકાસ્ટરોની વિનંતીથી જે હિલચાલ શરૂ થઈ હતી એમાં ફ્રૅન્ચાઇઝીઓના વિરોધ આવતાં ગવર્નિંગ કાઉન્સિલે અગાઉના જ સમય (સાંજે ૪ .૦૦ વાગ્યે પ્રથમ મૅચ અને રાત્રે ૮.૦૦થી બીજી મૅચ) જાળવી રાખ્યા હોવાનું પીટીઆઇના અહેવાલમાં જણાવાયું હતું.

એલિમિનેટર અને ક્વૉલિફાયર-ટૂના સ્થળ હજી નક્કી નથી થયા, પરંતુ ક્વૉલિફાયર-વન અને ફાઇનલ અનુક્રમે બાવીસમી મે અને સત્તાવીશમી મેએ વાનખેડેમાં રમાશે. ■

# શ્રીલંકા સામેની આજની ટી-ટ્વેન્ટી મૅચમાંથી શકિબ બાકાત

*ઢાકા:* બંગલાદેશની ટીમનો કેપ્ટન શકિબ અલ હસન તેની આગળી પર થયેલી ઈજા હજી પૂરી સાજી ન થવાથી શ્રીલંકા સામેની પહેલી ટ્વેન્ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાંથી બાકાત થઈ ગયો છે, એમ એક અધિકારીએ કહ્યું હતું.



અગ્રણી ઓલ-રાઉન્ડર શકિબને વન-ડે મેચોની ત્રિકોણ શ્રેણીની ગયા મહિને શ્રીલંકા સામે જ રમાયેલી ફાઈનલ મેચમાં ઈજા થઈ હતી, જે કારણ તે તાજેતરમાં રમાયેલી ટેસ્ટ સિરીઝમાં પણ ભાગ લઈ શક્યો ન હતો.

ત્રિકોણી શ્રેણીની ફાઈનલ અને ટેસ્ટ શ્રેણી હારી ગયેલ બંગલાદેશના સિલેક્ટરોએ શકિબનો બે ટી-૨૦ મેચ માટે શરૂઆતમાં ટીમમાં સમાવેશ કર્યો હતો, જેની પહેલી મેચ આજે ઢાકામાં રમાશે.

બીજી મેચ સીલ્હેટમાં રવિવારે રમાશે.

સિલેક્ટરોએ ડાબોડી સ્પિનર નઝમુલ હુસેનને શકિબની બદલીમાં પહેલી મેચ માટે ટીમમાં જોડાવાને કહ્યું છે, પણ બંગલાદેશ ક્રિકેટ બૉર્ડ (બી. સી. બી.) તરફથી હજી નવા કેપ્ટનની જાહેરાત કરાઈ નથી.

શકિબે ગયા ઑક્ટોબરમાં દક્ષિણ આફ્રિકામાં રમાયેલ શ્રેણીમાં બંગલાદેશની ટી-૨૦ ટીમના સુકાની તરીકે ફાસ્ટ બૉલર મશરફ મોર્ટાઝા પાસેથી હોદ્દો સ્વીકાર્યો હતો. (એ.એફ.પી.)■

# બેડ્મિન્ટન સિતારા લીએ સેક્સ વીડિયોમાં પોતાનો રોલ હોવાનું નકાર્યું

*કુઆલાલમ્પુર:* મલયેશિયાના બેડ્મિન્ટન સિતારા લી ચોન્ગ વેઇએ દેખાડવામાં આવી રહેલા સેક્સ વીડિયોમાં ભાગ લીધો હોવાનું નકારી કાઢ્યું હતું અને આ બાબતમાં પોલીસ ફરિયાદ કરતા આક્ષેપને દુષ્ટ ઈરાદાભર્યા ગણાવ્યો હતો.



બે સંતાન ધરાવતા વિશ્વના બીજા ક્રમના લીએ તે વીડિયોને બદનક્ષી અને નાલેશી અપાવવાના અને તેના નામને બદનામ કરવાના પ્રયાસ તરીકે લેખાવ્યો હતો.

સોશિયલ મીડિયા પર છેલ્લા કેટલાક દિવસ લીએ વીડિયોમાં ભાગ લીધો હોવાની ચર્ચા થઈ રહી છે, કે જેમાં એક પુરુષ અને મહિલાને નગ્ન દેખાડવામાં આવ્યા હતા.

''હું આ દુષ્ટ હેતુભર્યા આક્ષેપને નકારતા કહું છું કે વીડિયોમાં હું કોઈપણ રીતે સંડોવાયેલો નથી,'' એમ લીએ તેના ફેસબુકના પાને નિવેદનમાં કહ્યું હતું.

તેણે કહ્યું હતું કે આ બાબતસર પોતે પોલીસમાં ફરિયાદ કરી છે અને તેની તપાસ કરાઈ રહી છે.

ઑલિમ્પિકના ત્રણ રજતચંદ્રક જીતેલ ૩૫ વર્ષનો લીએ મલયેશિયાની ભૂતપૂર્વ બેડ્મિન્ટન ખેલાડી વોન્ગ મીવ ચૂ જોડે લગ્ન કર્યા છે.

લી આવતા મહિને બર્મિંગહામમાં યોજાનાર ઓલ ઈંગ્લેન્ડ ઓપન સ્પર્ધામાં પોતાના ગઈ વેળાના વિજેતાપદને જાળવી રાખવાના પ્રયાસમાં હાલ તૈયારી કરી રહ્યો છે. (એ.એફ.પી.)■

## વિજય હઝારે વન-ડે ટ્રોફી ટુર્નામેન્ટ

# આન્ધ્રના સતત છઠ્ઠા વિજય સાથે મુંબઈ જોડે નૉકઆઉટમાં

### ▶ સૌરાષ્ટ્ર રણજી ચૅમ્પિયન વિદર્ભને પછાડી ક્વૉર્ટરમાં

*ચેન્નઈ:* કેપ્ટન જી. હનુમા વિહારી (૧૬૯) અને કે. એસ. ભરત (૧૦૫)ની બૅટિંગથી આન્ધ્રની ટીમે વિજય હઝારે ટ્રોફી ક્રિકેટ સ્પર્ધાની અહીં સી-વિભાગની મેચમાં મુંબઈને ૨૯ રનથી હરાવી પોતાનો સતત છઠ્ઠો વિજય નોંધાવ્યો હતો.

આ વિજયના બળે આન્ધ્રની ટીમ ૨૪ પોઈન્ટ સાથે મોખરે રહી સ્પર્ધાના રાષ્ટ્રીય નોક-આઉટ તબક્કામાં રમવા માટે બીજા ક્રમે રહેલ મુંબઈ (૧૬ પોઈન્ટ) જોડે ક્વોલિફાય થઈ હતી.

હનુમા અને ભરતની જોડીએ ૨૦૪ બોલમાં ૨૫૪ રનની જંગી ભાગીદારી નોંધાવી હતી.

હનુમાએ તેના ૧૧૮ બોલમાં ૧૬ ચોક્કા અને સાત છગ્ગા ફટકાર્યા હતા, જ્યારે ભરતના ૧૨૬ બોલના દાવમાં ૧૦ ચોક્કાનો સમાવેશ હતો.

દરમિયાન, સૌરાષ્ટ્રએ રણજી ચૅમ્પિયન વિદર્ભને ૮ વિકેટે હરાવીને અને સતત ત્રીજી જીત મેળવીને ક્વૉર્ટરમાં પ્રવેશ મેળવ્યો હતો. વિદર્ભને ૧૫૯ રનમાં આઉટ કરાવવામાં કમલેશ મકવાણા (૯ રનમાં બે), જયદેવ ઉનડકટ (૧૮ રનમાં બે) શૌર્ય સાણદિયા (૩૩ રનમાં બે) અને ધર્મેન્દ્રસિંહજી જાડેજા (૩૨ રનમાં બે)ના યોગદાનો હતા. પછીથી સૌરાષ્ટ્રએ અવી બારોટના અણનમ ૯૧ રન તેમ જ ચેતેશ્વર પુજારાના અણનમ ૪૬ રનની મદદથી ૩૪ ઓવરમાં બે વિકેટે ૧૬૧ રન બનાવીને જીત મેળવી હતી.

### ટૂંકો સ્કોર:

આન્ધ્ર (૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૪૪)નો મુંબઈ (૫૦ ઓવરમાં નવ વિકેટે ૩૧૫) સામે વિજય.

પોઈન્ટ: આન્ધ્ર-૪ (૨૪), મુંબઈ-૦ (૧૬).

ગુજરાત (૪૯.૪ ઓવરમાં ૨૨૭)નો ગોવા (૪૮.૩ ઓવરમાં નવ વિકેટે ૨૨૮) સામે પરાજય.

પોઈન્ટ: ગોવા-૪ (૧૨), ગુજરાત-૦ (૪).

ટીમ રાજસ્થાન (૩૮.૨ ઓવરમાં ૧૪૧)નો તમિળનાડુ (૨૩.૩ ઓવરમાં ત્રણ વિકેટે ૧૪૩) સામે પરાજય.

પોઈન્ટ: તમિળનાડુ-૪ (૮), રાજસ્થાન-૦ (૮).

**સી-વિભાગની આખરી સ્થિતિ (ટીમ/પોઈન્ટ/નેટ રન રેટ):**

૧-આન્ધ્ર (૨૪, +૦.૬૨૫), ૨-મુંબઈ (૧૬, +૦.૩૨૪), ૩-મધ્ય પ્રદેશ (૧૨, +૦.૧૧૨), ૪-ગોવા (૧૨, -૦.૪૧૧). ૫-તમિળનાડુ (૮, +૦.૪૬૮), ૬-ટીમ રાજસ્થાન (૮, -૦.૭૯૧), ૭-ગુજરાત (૪, -૦.૩૨૧). (પી.ટી.આઈ.)■

# મર્સિડીઝ ગોલ્ફ ટ્રોફીનો ચેન્નઈ તબક્કો આજથી

*ચેન્નઈ:* મર્સિડીઝ ટ્રોફી ગોલ્ફ સ્પર્ધા-૨૦૧૮ના ચેન્નઈ ખાતેના તબક્કાનું અહીં ટી. એન. જી. એફ. (તમિળનાડુ ગોલ્ફ ફેડરેશન)ના કોસ્મો કોર્સ ખાતે ગુરુવારથી આયોજન કરવામાં આવશે જેમાં શહેરના ૧૧૨ ખેલાડી રાષ્ટ્રીય ફાઈનલ માટે ખુલ્લા રહેતા એકમાત્ર સ્થાન પર ક્વોલિફાઈ થવા ભાગ લેશે.

એક દિવસના કાર્યક્રમની આ સ્પર્ધામાં ભારતીય ક્રિકેટર સુબ્રમણિયમ બદ્રીનાથ પણ ભાગ લેનાર છે, એમ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

પહેલા સાત ક્વોલિફાઈંગ તબક્કા અત્યાર સુધીમાં પુણે, અમદાવાદ, મુંબઈ, બૅંગલુરુ, હૈદરાબાદ, કોઈમ્બતુર અને કોલકાતામાં યોજાઈ ચૂક્યા છે જેમાંથી રાષ્ટ્રીય ફાઈનલ માટે ૨૪ ખેલાડી ક્વોલિફાઈ થયા છે.

રાષ્ટ્રીય ફાઈનલ પુણેમાં ૪-૬ એપ્રિલે ઓક્સફર્ડ ગોલ્ફ રિસોર્ટ ખાતે યોજાનાર છે.

ફાઈનલમાંથી ત્રણ વિજેતા જર્મનીમાં સ્ટુટગાર્ટ મધ્યે ઑક્ટોબરમાં યોજાનાર ૨૯મી મર્સિડીસ ટ્રોફી વર્લ્ડ ફાઈનલમાં વિશ્વભરમાં ૬૦ રાષ્ટ્રમાં યોજાતી સ્પર્ધાના ખેલાડીઓ વિરુદ્ધ રમશે. (પી.ટી.આઈ.)■